મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૧ ટકા
ગાંધીનગર તાપમાન

# બાળકો દ્વારા કરાઈ રહેલી કબૂતરોની નિર્દયી હેરાફેરી ઝડપી પાડતા પ્રકૃતિ પ્રેમી યુવાનો

**પેકિંગ મટિરિયલ્સમાં વપરાતી બ્રાઉન ટેપથી કબૂતરોની પાંખ-પગ બાંધીને લઈ જતા ત્રણ બાળકોને ઝડપ્યા : બંને કબૂતરને છોડાવી આકાશમાં મુકત કર્યા : સોશિયલ મિડિયા પર વાઈરલ વિડિયોએ ચકચાર જગાવી**

### તાંત્રિક વિધિ માટે કબૂતરોની તસ્કરીની શંકા

પ્રાપ્ત વિગતો અનુસાર આ ત્રણે બાળકો સરકીટ હાઉસ પાછળ બોરિજના પરા વિસ્તારમાં રહે છે અને તેમાંથી એક બાળકના ઘરે આવા અનેક કબૂતર બંધક બનાવાયેલા છે. શકય છે કે આ કબૂતરનો મરઘાંની જેમ 'ખાવા' માટે ઉપયોગ કરાતો હોય કે 'સફેદ' કબૂતર હોવાથી તાંત્રિક વિધિ માટે વેચાણ કરાતું હોય. આ બાળકો પૈકી એક બાળક તો શહેરના 'મોટા' સરકારી અધિકારીઓના ઘરે બનાવાયેલા કબૂતરખાનાની સાફ સફાઈ કરવાનું કાર્ય પણ સમયાંતરે કરે છે તેવી માહિતી મળવા પામી છે. ગાંધીનગરમાં અબોલ પક્ષીઓ પ્રત્યે આચરાતી નિર્દયતા પ્રત્યે તંત્રએ વધુ જાગૃત થવાની જરૂર હોવાનું જણાઈ રહ્યું છે.

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં વનરાજીના કારણે અનેક પ્રકારના પક્ષીઓને વસવાટ જોવા મળે છે તે સાથે ક્ષીઓ પ્રત્યે બેરહમીના કિસ્સા પણ વધતા જોવા મળી રહ્યા છે. હજુ તો શહેરમાં ચિલોત્રો જેવા દુર્લભ પક્ષીને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીની લ્હાયમાં પરેશાન કરાયું હોવાની ફરિયાદના કિસ્સાની શાહી સુકાઈ નથી ત્યાં શહેરના પોશ વિસ્તાર સમા સેકટર-૧૯માં બે કબૂતરને બ્રાઉન પેકિંગ ટેપ વડે પગ અને પાંખો બાંધી હેરાફેરી કરતા ત્રણ ટાબરિયાં પાસેથી જાગ્રત પ્રકૃતિ પ્રેમી યુવાનોએ કબૂતરને છોડાવી મુકત કર્યાના વિડિયોએ સોશ્યલ મિડિયા પર ચર્ચા જગાવી છે.

શનિવારે સેકટર-૧૯માંથી એક સાયકલ પર પસાર થઈ રહેલા ત્રણ ટાબરિયા પોતાના હાથમાં કંઈક છુપાવીને લઈ જતા હોય તેવી સ્થિતિમાં જઈ રહ્યા હતા ત્યારે રઘુભાઈ રબારી અને કનુભાઈ દેસાઈ નામના બે યુવાનોની તેમના પર નજર પડી હતી અને તેમને શંકા જતા પેલા બાળકોને ઉભા રાખવા કોશિષ કરી પરંતુ તેઓ પહેલા ઉભા રહ્યા નહીં. આથી બંને યુવાનોએ પોતાના સ્કૂટર પર બાળકોનો પીછો કરીને ઉભા રાખ્યા તો ચોંકી ગયા હતા કેમ કે બાળકોના હાથમાં બે કબૂતર હતા જેની પાંખો અને પગને પેકિંગ મટિરિયલ્સમાં વપરાતી બ્રાઉન ટેપ દ્વારા બાંધી દેવામાં આવી હતી જેથી તે ઉડી ના શકે. આ બંને યુવાનોએ બાળકો પાસેથી બંને કબૂતરની પાંખેથી અને પગેથી સાચવીને ટેપ દૂર કરાવી કબૂતરોને મુકત કરી ખુલ્લા આકાશમાં છોડી મૂકયા હતા. આ તમામ ઘટનાક્રમનો બંને યુવાનોએ વિડિયો બનાવ્યો હતો અને તેને સોશિયલ મિડિય પર અપલોડ કરતા બાળકો દ્વારા પક્ષીઓની આ રીતે થતી અથવા કરાવાતી નિર્દયી હેરાફેરી જોઈને નાગરિકો સ્તબ્ધ થઈ ગયા હતા અને તેમના પર ફિટકાર વરસાવવા સાથે રઘુભાઈ રબારી અને કનુભાઈ દેસાઈને બે કબૂતરોનો જીવ બચાવવા સાથે આ પ્રવૃત્તિને ઉઘાડી પાડવા બદલ અભિનંદન આપ્યા હતા.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરનો વર્ચ્યુઅલ પદગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

લાયન્સ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨, બી-૧ તથા લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર વરચુઅલ પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેના **installing** ઓફિસર પૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન યોગેશભાઈ દવે દ્વારા ત્રણેય કલબના પદાધિકારીઓને હોદ્દાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબ ગાંધીનગરના ૪૨ પ્રમુખ તરીકે લાયન ઉમંગ પંડયા, મંત્રી રામચંદ્ર વ્યાસ, ખજાનચી મૌલિક ચૌધરી અને લાયોનેસ પ્રમુખ તરીકે મિતલબેન રાણા, મંત્રી સ્વાતિબેન ગોર, ખજાનચી તરીકે ઉષાબેન ટટુ તથા લીઓ ક્લબ ગાંધીનગરના પ્રમુખ તરીકે લિયો વિનય જય સંઘાણી, મંત્રી કાર્તિક યાદવ તથા ખજાનચી તરીકે લિયો કરણ મણીકની વરણી કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ત્રણે પાંખના સભ્યો તેમજ દેશ-વિદેશના ૮૦૦થી વધુ સભ્યો ઝુમ તથા યુટ્યુબના માધ્યમથી લાઈવ જોડાયા હતા. સંસ્થાના નવા વરાયેલા પદાધિકારીઓને પૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન હરેન્દ્રભાઈ શુક્લ, યોગેન્દ્ર ભાઈ પટેલ તથા ડીસ્ટ્રીકટ ગવર્નર નરેન્દ્રભાઈ પટેલ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાન તરીકે ડીસ્ટ્રીકટ કેબિનેટ સેક્રેટરી હિરેનભાઈ મેવાડા, કેબિનેટ ટ્રેઝરર હરીશ ભાઈ ત્રિવેદી, રીજીયન ચેરમેન અતુલભાઈ જોશી અને લિયો ચેર પરસન ફેની પટેલ, લિઓ મલ્ટીપલ ડીસ્ટ્રીકટ પ્રેસિડન્ટ કથન ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ કોવિડ-૧૯ની સરકાર દ્વારા જાહેર કરાયેલ ગાઈડ લાઈન મુજબ તથા સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને યોજાયો હતો.

# ચિલોડાની જ્વેલરી શોપના વેપારીને ૧૯ લાખનો ચૂનો લગાડી ગયેલો ચીટર ઝડપાયો

**આરોપીને પકડીને એલસીબીની ટીમે કરેલી પૂછપરછમાં તેણે કરેલી વધુ ત્રણ છેતરપિંડી બહાર આવી**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર પાસે આવેલા ચિલોડા ગામના એક જવેલરી શોપના વેપારીને તેના મિત્ર એજ રૂ.૧૯ લાખ હાથ ઉછીના લઈને ગામ છોડીને ભાગી જઈ છેતરપિંડી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી ત્યારે ગાંધીનગર એસીબીની ટીમે આ ચીટર આરોપીને ચિલોડા પાસેથી જ બાતમીના આધારે પકડી પાડયો છે. આરોપીને પકડીને તેની પૂછપરછ કરતા તેણે અગાઉ પણ આવી ત્રણેક છેતરપિંડી કરી હોવાની વિગતો બહાર આવી છે જેને આધારે એલસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે જિલ્લાની ટીમ સક્રિય થઈ છે ત્યારે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમે આજે બાતમીના આધારે વધુ એક આરોપી પકડી પાડયો છે. પીએસઆઈ વી.કે રાઠોડ તથા તેમની ટીમે બાતમીના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં આવેલા નાનીવાડા ગામના આરોપી સદ્દામહુસેન મહેબુબભાઈ સંધીને ચિલોડા પાસે નવા બનેલા પુલ નીચેથી દબોચી લીધો છે. સદ્દામ હુસેન મગોડી ખાતે રહેતો હતો ત્યારે ચિલોડા ખાતે આવેલી એક સોના-ચાંદીની દુકાન ચલાવતા તેના મિત્રને વિશ્વાસમાં લઈને તેની પાસેથી રૂ.૧૯ લાખ હાથ ઉછીના લીધા હતા અને ત્યારબાદ ગામ છોડીને ભાગી ગયો હતો. આ સિવાય પણ તેણે વિસનગર ખાતે રહેતા તેના મિત્ર પાસેથી ચાર લાખ તથા પેથાપુર ખાતે આવેલી એક જવેલરી શોપના માલિક પાસેથી રૂ. બે લાખ અને પાટણ પાંચવડા ખાતે રહેતા એક વ્યકિતને એલ.આઈ.સી.માં નોકરી આપવાની લાલચ આપી રૂ. ૩૫ હજારની છેતરપિંડી કરી હોવાની પણ કબુલાત કરી છે. એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરીને વધુ પુછપરછ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર કેશવલાલ જોષી, ઉ.વ. ૭૫, સેકટર-૨૮
- સ્વ. પ્રજાપતિ કેશાભાઈ મોહનભાઈ, ઉ.વ. ૬૦, મુ. મોટા ચિલોડા
- સ્વ. ગોપાલ કરણ એર, ઉ.વ. ૪૦, સેકટર-૧૧
- સ્વ. તલવાડી જશોદાબેન ચતુરભાઈ, ઉ.વ. ૬૫, સેકટર-૬-બી
- સ્વ. લતાબેન મણીલાલ ખીલારે, ઉ.વ. ૫૫, સેકટર-૧૩ છાપરા
- સ્વ. રાવલ રામાભાઈ ભલાભાઈ, ઉ.વ. ૭૬, મુ. ગિયોડ
- સ્વ. કુવરબેન ચહેરાજી ઠાકોર, ઉ.વ. ૭૬, ગામ શિહોલી મોટી
- સ્વ. સ્નેહાબેન અજીતભાઈ ઠાકોર, ઉ.વ. ૨૬, મુ. બાકરોલ
- સ્વ. કિરણકુમાર મદનરામ, ઉ.વ. ૩૩, હરદયાલપુર, બિહાર
- સ્વ. રેશ્માબેન ગીરીશભાઈ પરમાર, ઉ.વ. ૨૬, મુ. પ્રાંતિયા

## સે-૨૫ જીઆઈડીસીથી બાઈક ચોરાયું

સેક્ટર-૨૫ જીઆઈડીસીના પ્લોટ નં-એ-૪૯ની બહારથી બાઈક ચોરીની ઘટના બની છે. અમદાવાદ કૃષ્ણનગર ખાતે રહેતો કૌશલકુમાર પટેલ નામનો યુવક અહીં કંપનીમાં ડિઝાઈન એન્જિનિયર તરીકે નોકરી કરે છે. ૨૦ જૂનના રોજ તે પોતાનું **GJ-01-NG-8541** નંબરનું બાઈક લઈને નોકરી આવ્યો હતો. કંપનીના બહારના ભાગે બાઈક પાર્ક કરીને સવારે ૯ વાગ્યે અંદર ગયેલો યુવક સાંજે ૬ વાગ્યે બહાર આવ્યો ત્યારે બાઈક ગુમ હતું. થોડા દિવસ પોતાની રીતે તપાસ કર્યા બાદ આખરે તેણે આ અંગે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# 'ઓનલાઈન' શિક્ષણ બાળકોને ભણાવશે કે વાલીઓને શીખવાડશે ??

**ઈ-લર્નિંગથી શિક્ષણની અસરકારતાથી માંડીને બાળકોની આંખો પર થતી અસરો સહિત અનેક જોખમી સમસ્યાઓની સંભાવના : વાલીઓએ પણ પોતાની જવાબદારી સ્વીકારવાની અને સરકારે આ સમસ્યાનો ગંભીરતાપૂર્વક વિચાર કરી ઝડપથી યોગ્ય ઉકેલ લાવવા પ્રયાસો કરવા પડશે**

લાગ્યું એવું લખ્યું
સમીર રાણી

ગાંધીનગર, તા.૨૮

એક વાલીએ ફરયાદ કરી કે 'મારું બાળક ૪૩, ૪૪ પછી સીધુ ૬૬, ૬૭ બોલે છે કેમ કે જયારે તેના શિક્ષક આ શીખવાડી રહ્યા હતા ત્યારે વચ્ચે 'નેટવર્ક' જતું રહ્યું હતું અને તે પાછું આવ્યું ત્યાં સુધીમાં શિક્ષક ૬૬ સુધી પહોંચી ગયા હતા.' આ પ્રકારની જોક 'ઓનલાઈન' શિક્ષણ માટે સોશ્યલ મિડિયા પર વાઈરલ થઈ રહી છે. જો કે સોશ્યલ મિડિયા પર 'જોક' કઈ બાબતની નથી બનતી તે સવાલ છે, પરંતુ કોરોના સંક્રમણના કાળમાં એક તરફ જયાં વાલીઓ પોતાના સંતાનને શાળાએ મોકલવાનું જોખમ ખેડવા તૈયાર નથી ત્યારે વિકલ્પ તરીકે અપનાવાઈ રહેલું 'ઓનલાઈન' શિક્ષણ ખરેખર કેટલું અસરકારક નીવડશે તે અંગે પણ ભારે દ્વિધાનો માહોલ પ્રવર્તી રહ્યો છે. જેમ જેમ કોરોના વાયરસની સમસ્યાનો કાયમી ઉકેલ દૂર ઠેલાતો જાય છે તેમ તેમ શાળાઓએ અપનાવવા માંડેલા ઈ-લર્નિંગના વિકલ્પ સામે પણ આંગળી ચિંધાતી જાય છે અને વાલીઓ તથા શિક્ષકો વચ્ચે ગજગ્રાહ વધતા જણાય છે.

વિશ્વભરમાં કોહરામ મચાવનાર અને હજુ પણ કાબૂમાં ના આવનાર કોરોના વાયરસના કારણે ભારતમાં માર્ચના અંતિમ સપ્તાહથી શરૂ કરીને જૂનના પ્રથમ સપ્તાહ સુધી લોકડાઉનની સ્થિતિ રહેવા પામી હતી. આ સ્થિતિમાં વેપાર-ધંધા સહિત સમગ્ર જનજીવનને ઘેરી અસર પડી છે જેમાંથી શિક્ષણ જગત પણ બાકાત નથી. હજુ પણ આ વાયરસનો ખતરો ટળ્યો નથી જેના કારણે શાળા-કોલેજોની બાકી પરીક્ષાઓ એક પછી એક રદ કરવી પડી રહી છે અથવા વધુ પાછળ ઠેલવી પડી રહી છે પરંતુ તે પણ યોજાશે કે કેમ તે શંકા છે. સતત લંબાતા જતા આ 'વેકેશન'નો અંત જલ્દી આવે તેમ જણાતો નથી કેમ કે શાળામાં કયુ બાળક કયાંથી આવે છે, તેના ઘરના સભ્યો કયાં કયાં જાય છે, કેટલી સાવચેતી રાખે છે, બાળકો પોતાના ચંચળ સ્વભાવ સાથે માસ્ક, સેનેટાઈઝર કે સોશ્યલ ડિસ્ટન્સનું કેટલું પાલન કરશે તેવા અનેક જોખમો હોવાથી વાલીઓ પોતાના સંતાનોને શાળાએ મોકલવા તૈયાર નથી. આ સ્થિતિમાં આગામી શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમની અને શૈક્ષણિક સાયકલની ચિંતામાં પડેલા સ્કૂલ સંચાલકો દ્વારા 'ઓનલાઈન'નો વિકલ્પ અપનાવી બાળકોને ઈ-લર્નિંગથી ભણાવવાનું શરુ કરવા માંડયુ છે, પરંતુ આ 'અખતરો' કેટલો કારગર નીવડશે કે 'ખતરો' સાબિત થશે તે ચિંતાનો વિષય બની રહ્યો છે.



અત્યાર સુધી જે વાલીઓ બાળકોને 'મોબાઈલ'નું વળગણ થઈ ગયું હોવાની ફરિયાદ કરતા હતા તેમને હવે બાળકોને ફરજિયાત ઈન્ટરનેટ ડેટા પેક સાથેના સ્માર્ટ ફોન આપવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે આ સ્થિતિ આપણે ત્યાં દરેક પરિવાર માટે સરળ નથી એમાં પણ જયારે ઘરમાં બે ત્રણ સંતાન હોય અને દરેક બાળકને જો પોતપોતાના ઓનલાઈન વર્ગમાં એક જ સમયે હાજર રહેવાનું હોય ત્યારે પરિવાર માટે દરેકને મોબાઈલ તે પણ ડેટા પેક સાથે લઈ આપવા એટલે આર્થિક બોજ સમાન જ બની રહે. વળી, માનો કે બાળકો કોમ્પ્યુટર કે ટેબ્લેટ અથવા મોબાઈલથી ભણે ત્યારે ઘરમાં કયાં બેસે જેથી તેઓ ખલેલ વગર અભ્યાસ કરી શકે તે પણ સંયુકત કુટુંબ કે નાના ઘર ધરાવતા વાલીઓ માટે સમસ્યા રૂપ બની શકે છે. તાજેતરમાં 'વર્ક ફ્રોમ હોમ' કરાવતી કંપનીના કર્મચારીઓને પણ ઘરેથી કામ કરવામાં વર્કલોડ વધુ રહેતો હોવાનો અને ઘરકંકાસ વધવા જેવી સમસ્યાઓનો સામનો કરવા જેવી ફરિયાદો વધી રહી હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે તેવી સ્થિતિમાં બાળકોના અભ્યાસ ટાણે ઘરમાં ચાલતા કંકાસ-કજીયાની બાળકોના અભ્યાસ પર પણ અસરો પડી શકે છે. વાલીઓ પોતાના બાળકના નબળા પરિણામ માટે શિક્ષકોનો વાંક કાઢવામાં 'શૂરા' બની જતા હોય છે પરંતુ બાળક કેટલું ચંચળ હોય છે અને વર્ગખંડમાં કેટલી મસ્તી કરતું હશે કે કેટલું ધ્યાન આપતું હશે તે ઓનલાઈન ભણતર વખતે વાલીઓને અનુભવાઈ રહ્યું હશે જ. વળી આ સાથે અલગ અલગ સ્થળેથી ઓનલાઈન શિક્ષણ મેળવી રહેલા બાળકોના વર્ગમાં કયા બાળકને સમજણ પડી નથી તે જાણવું શિક્ષક માટે પણ એટલું સરળ કાર્ય નથી જણાતું.

ઓનલાઈન વર્ગોના અન્ય ખતરા પણ સામે આવી રહ્યા છે જેમ કે કેટલાક તબીબોના મતે બાળકોની આંખો નબળી પડી શકે છે કે બગડી શકે છે તેવી ભીતિ વ્યકત કરાઈ રહી છે તો બીજી તરફ ગોવાના પણજી ખાતે બનેલો કિસ્સો તો લાલબત્તી સમાન છે જેમાં કેટલાક વિદ્યાર્થીઓએ શિક્ષકોના ઓનલાઈન કલાસ વખતે સ્ક્રીન શોટ લઈ તેને અભદ્ર તસવીરો સાથે મોર્ફ કરી સોશ્યલ મિડિયા પર વાઈરલ કર્યા હતા. કેટલાક બાળકોએ ઓનલાઈન શિક્ષણથી ત્રાસીને આત્મઘાતી પગલાં ભર્યા હોવાના કિસ્સા પણ બન્યા છે. આ સ્થિતિમાં બાળકોનું શિક્ષણ કયાં સુધી, પાછું ઠેલવું અને શું વિકલ્પ અપનાવવો તે સુનિશ્ચિત કરવું અઘરું બનતું જાય છે. અગાઉના યુગમાં જેમ બાળકો આશ્રમમાં ભણતા હતા તેમ ગ્રામ્ય વિસ્તારની કેટલીક શાળાઓમાં બાળકોને ખુલ્લામાં એક બીજાથી દૂર બેસાડી ભણાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ જો શહેરી વિસ્તારની વાત કરીએ તો જયાં શાળામાં બાળકોને રમવાના મેદાન પણ નથી રાખ્યા ત્યાં ખુલ્લામાં બેસાડીને ભણાવવાની તો કલ્પના જ શી રીતે કરવી? શાળામાં કદાચ 'શીફટ' પધ્ધતિ અપનાવી શકાય પરંતુ જયાં અગાઉથી જ એક સંકુલમાં અલગ અલગ શાલાઓ ચાલતી હોય ત્યાં આ વિકલ્પ પણ નકામો થઈ જાય છે.

ઈ-લર્નિંગમાં પણ જુદા જુદા વિકલ્પો અપનાવાય છે જેમાં એક સમયે શિક્ષક અને બાળકો એનલાઈન હોય અને મલ્ટીપલ વિડિયો કોલ શેરીંગ જેવી એપથી ભણાવાય અથવા શિક્ષકો એકવાર વિડિયો બનાવી તેને અપલોડ કરે અથવા લિંક મોકલે તેને બાળકો પોતાની અનૂકુળતાના સમયે જોઈને અભ્યાસ કરે વગેરે. આ કાર્યમાં શિક્ષક પર કાર્યભારણનો બોજ વધી જાય છે અને બાળકને પણ કોઈ મુંઝવણ કે સવાલ હોય તો તેનું નિરાકરણ લાવવાની જહેમત પણ અલગથી લાગે છે. એટલે અગાઉના ફિઝિકલ વર્ગખંડો જેટલી શિક્ષણની અસરકારકતા જળવાતી નથી અને તેમાં પણ શાળા સંચાલકો શિક્ષકોના વેતનમાં કાપ મૂકે એટલે શિક્ષકોની પ્રતિબધ્ધતા પર અસર પડી શકે છે.

હવે સરકારના કહેવા મુજબ જ જો 'કોરોના કાળ' હજુ લાંબો ચાલવાનો હોય તો આ બાબતે સરકારે ગંભીરતાથી વિચારીને ઝડપી નિરાકરણ લાવવું રહ્યું. જો શાળાઓ શરુ કરવી હોય તો બાળકોને કોરોના સંક્રમણથી સાવચેત રહેવાની તાલીમ અને ગંભીરતા શીખવાડવી પડે તેમજ વર્ગખંડોમાં એક બેન્ચ પર જયાં ચાર બાળકો બેસતા હતા તેના પર એક કે બેને બેસાડવા સહિતના સુધારા અમલમાં મુકવા પડે. પરંતુ બાળકોની ચંચળતા સામે તે કેટલાં સુરક્ષિત કહેવાય તે પણ એક પ્રશ્ન છે. બાળકોના શિક્ષણ માટે અઢળક નાણાં ખર્ચી નાખતા વાલીઓએ જયાં સુધી આ સમસ્યાનો ઉકેલ ના આવે ત્યાં સુધી એટલે કે છ-બાર માસ સુધી બાળકોના શિક્ષણ માટે 'સમય' ફાળવી ઓનલાઈન વર્ગને મદદરૂપ થવાની જવાબદારી ઉઠાવવી જોઈએ, આખરે વાત તો તમારા સંતાનના ભવિષ્યની જ છે ને?

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com